## IIT-ગાંધીનગરમાં આંત્રપ્રિન્યોરશિપ સ્પર્ધા

# ટૂરિઝમમાં ચેન્જ અને અનોખા ચાર્જરનો આઇડિયા પસંદ થયો

અમદાવાદ, તા. ૨૦

આઈઆઈટી ગાંધીનગર દ્વારા આંત્રપ્રિન્યોરશિપને આર્થિક સહાય કરવાના હેતુથી આયોજિત અમલ્થીયાના અંતિમ દિવસે આઈઆઈટી ગાંધીનગર અને વિશાખાપટ્ટનમની ટીમ પસંદ થઈ હતી. રૂ. ૫૦ લાખની લોન સ્વરૂપની રકમ હવે પછી આગળની કાર્યવાહી પૂર્ણ થયે વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

વિદ્યાર્થી ભણીને નોકરી કરવાના બદલે ઉદ્યોગપતિ બનવા માગતો હોય તો શરૂઆતના તબક્કે જ તેને ફંડ આપવા માટે આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓએ પહેલ કરી છે. આંત્રપ્રિન્યોરશિપ સ્પર્ધા માટે ૩૦ એન્ટ્રી મળી હતી. વિદ્યાર્થીએ તેનો આઈડિયા રજૂ કર્યા બાદ તે કઈ રીતે આગળ વધવા માગે છે, કેવી પ્રોડક્ટ કરવા માગે છે તેનું અતથી ઈતિ જ્યૂરી સમક્ષ નિદર્શન કરવાનું હતું.

આ સ્પર્ધામાં આઈઆઈટી-જીની '૪-ડી ગુજરાત' ટીમના ચાર વિદ્યાર્થીઓ વિજેતા થયા છે. મિકેનિકલ એન્જિનિયર થર્ડ યરના ધ્યેય શાહ, ઈપ્સિત તિવારી, ઈલેક્ટ્રિકલના પાર્થ ગુડકા અને સુશીલકુમાર સિસોદેની ટીમે જણાવ્યું કે તેમણે ટૂરિઝમમાં ચેન્જ લાવતો સોફ્ટવેરનો આઈડિયા આપ્યો હતો. હાલની ટૂરિઝમની વેબસાઈટ માત્ર બુકિંગ અને માહિતી આપવા પૂરતી કામગીરી બજાવે છે, તેના બદલે અમે જે તે સ્થળનો થ્રી-ડી પેનોરોમા બતાવવા માગીએ છીએ, જેથી વ્યક્તિ ત્યાં જતાં પહેલાં હકીકતમાં ઘરબેઠા અનુભવ કરી શકે. વિશાખાપટ્ટનમના બે વિદ્યાર્થીઓની ટીમે વીજળી ન હોય તેવા સંજોગોમાં મોબાઈલ સહિતના કોઈપણ વીજાણુ ઉપકરણને ચાર્જ કરવા હોય તો પ્રેશર ટેકનોલોજી આધારિત 'ઈટીનરેર ચાર્જર'નોઆઈડિયા રજૂ કર્યો હતો, તેને પણ જ્યુરીએ પસંદ કર્યો હતો.

**Source: Sandesh**

**Date:** 21.10.2013

**Page:** 04